## ***રે. દી. મુ. નં. ૩૨/૨૦૧૬ના કામે આંક–૨૫૮ નીચેનો હુકમ.***

૧. વાદીઓએ હાલની અરજી ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર, ૧૦૯૮ (ટુંકમાં સી. પી. સી.) ઓર્ડર ૩૯ રૂલ ૨ (એ) સાથે વાંચતા કલમ ૧૫૧ મુજબ પ્રતીવાદી નં. ૩૨ તથા તેમના પુત્રો મૌસીન નજીર મહંમદ તથા સલમાન નજીર મહંમદ બંને રહે. ઝાલેશ્વર બંદર, વેરાવળ જી. ગીર સોમનાથ અને ત્રાહીતો બાબુ ઘેલા પરમાર અને હુસેન બાબીન ભટ્ટી બંને રહે. ગામ ખમીદાણા તા. કેશોદ જી. જુનાગઢવાળાઓ સામે કાર્યવાહી કરવા આપેલ છે. વધુમાં અરજીમાં જણાવેલ છે કે આ કામે તા. ૮/૫/૨૦૦૫ના રોજ તકરારી મીલકતની યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ થયેલ હોય, મીલકત ત્યારથી વાદીઓના શાંત, પ્રત્યક્ષ કબજા–ભોગવટામાં હોય, પ્રતીવાદી નં. ૩૨ તથા તેમના પુત્રો મૌસીન નજીર મહંમદ તથા સલમાન નજીર મહંમદ બંને રહે. ઝાલેશ્વર બંદર, વેરાવળ જી. ગીર સોમનાથ અને ત્રાહીતો બાબુ ઘેલા પરમાર અને હુસેન બાબીન ભટ્ટી બંને રહે. ગામ ખમીદાણા તા. કેશોદ જી. જુનાગઢવાળાઓ આ હુકમની જાણકારી હોવા છતા નામદાર અદાલતનો હુકમનો ભંગ કરવા તજવીજ કરતા હોય, વાદીઓ તરફે તેને હીસાબે પોલીસ ઈન્સપેકટર માળીયા હાટીના તેમજ પોલીસ અધીક્ષક જુનાગઢને લેખીત ફરીયાદ કરવામાં આવેલી છે. વધુમાં અરજીમાં જણાવેલ છે કે પ્રતીવાદી નં. ૩૨ તથા તેમના પુત્રો મૌસીન નજીર મહંમદ તથા સલમાન નજીર મહંમદ બંને રહે. ઝાલેશ્વર બંદર, વેરાવળ જી. ગીર સોમનાથ અને ત્રાહીતો બાબુ ઘેલા પરમાર અને હુસેન બાબીન ભટ્ટી બંને રહે. ગામ ખમીદાણા તા. કેશોદ જી. જુનાગઢવાળાઓ નામદાર કોર્ટના આ કામે તા. ૮/૫/૨૦૦૫ના રોજ તકરારી મીલકતની યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમનો અનાદર કરતા હોય તેઓ સામે હાલની અરજી લાવી તેઓને દીવાની કેદમાં લેવા તેમજ અન્ય યોગ્ય હુકમો કરવા દાદ માંગવા ફરજ પડેલાનું જણાવેલ છે.

૨ પ્રતીવાદી નં. ૩૨ તરફે અરજીના લેખીત વાંધા આંક ૩૪૮ થી આપેલ છે. અરજી ખરી નથી અને કાયદેસરની નથી અને ચાલવાપાત્ર નથી તેમજ અદાલતની પ્રોસેસનો દુરૂપયોગ કરી દાવાને વીલંબમાં નાખવાના હેતુથી મીલકત તેમના કબજામાં ન હોય, ગેરનીરૂપણ કરી, પુરાવો લીધા વીના જે હકીકત નીર્ણીત થાય તેમ ન હોય તે તા. ૮/૫/૨૦૦૫ના હુકમનો હથીયાર તરીકે ઉપયોગ કરી બદઈરાદાથી આપેલ હોય, તેઓ તરફે કોઈ મનાઈહુકમનો અનાદર થયેલ ન હોય, અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૩ હાલની અરજી, દાવાનું રેકર્ડ અને કાયદાકીય જોગવાઈઓ વંચાણે લીધી. પક્ષકારોના વિ. વ. શ્રીઓની તેમની અરજી અન્વયેની મૌખીક દલીલો સાંભળી.

૪ આ કામે સૌપ્રથમ કોડ ઓફ સીવીલ પ્રોસીજર, ૧૯૦૮ ટુંકમાં સી. પી. સી. ઓર્ડર ૩૯ રૂલ ૨એ મનાઈહુકમનું અપાલન અથવા તેના ભંગનું પરીણામ સંબંધે જોગવાઈ ધરાવે છે. જેમાં રૂલ ૨એ(૧) ઠરાવેલ છે કે ઓર્ડર ૩૯ રૂલ ૧ અથવા રૂલ ૨ હેઠળ આપેલા કોઈપણ મનાઈહુકમના અથવા કરેલા બીજા હુકમના અપાલનની અથવા જે શરતોએ મનાઈહુકમ આપવામાં અથવા હુકમ કરવામાં આવ્યો હોય તે શરતોના ભંગના કિસ્સામાં, મનાઈહુકમ આપતું અથવા હુકમ કરતું ન્યાયાલય અથવા જેને દાવા અથવા કાર્યવાહી તબદીલ કરવામાં આવી હોય તે ન્યાયાલય એવી રીતે પાલન ન કરનાર અથવા ભંગ કરનાર વ્યકિતની મિલકત જપ્ત કરવાનો હુકમ કરી શકશે તેમજ એવી વ્યકિતને ત્રણ મહિના કરતા વધુ ન હોય તેટલી મુદત સુધી દીવાની જેલમાં અટકાયતમાં રાખવાનો હુકમ કરી શકશે, સિવાય કે તે દરમિયાન ન્યાયાલયે તેને છોડી મુકવાનો હુકમ કર્યો હોય.

વધુમાં રૂલ ૨એ(૨) માં ઠરાવેલ છે કે, આ નિયમ પ્રમાણે કરેલી કોઈપણ જપ્તી એક વર્ષ કરતા વધુ મુદત સુધી અમલમાં રહેશે નહિ. સદરહુ એક વર્ષની મુદતને અંતે એવું અપાલન અથવા ઉલ્લંઘન ચાલું હોય, તો જપ્ત કરેલી મિલકત વેચી શકાશે અને જે ઉપજે તેમાંથી પોતાને યોગ્ય લાગે તેટલી વળતરની રકમ ન્યાયાલય નુકશાન થયેલ હોય તે પક્ષકારને અપાવી શકશે અને હોય તે બાકીની રકમ, તે મેળવવાને હકકદાર હોય તે પક્ષકારને આપવી જોઈશે.

વધુમાં સી. પી. સી. ઓર્ડર ૩૯ રૂલ ૩ મનાઈહુકમ આપતા પહેલા સામા પક્ષકારને નોટિસ આપવાનું ન્યાયાલયે ફરમાવવા બાબત જોગવાઈ ધરાવે છે.

જેમાં ઠરાવેલ છે કે, મનાઈહુકમ આપતા પહેલા તમામ કેસોમાં મનાઈહુકમની અરજી વિષેની નોટિસ સામા પક્ષકારને આપવાનું ન્યાયાલયે ફરમાવવું જોઈશે, પરંતુ વિલંબ થવાથી મનાઈહુકમ આપવાનો હેતુ માર્યો જશે એમ જણાય તો તેમ કરવાની જરૂર રહેશે નહિ.

પરંતુ સામા પક્ષકારને અરજીની નોટિસ આપ્યા સિવાય, મનાઈહુકમ આપવાનું વિચારવામાં આવ્યું હોય, ત્યારે ન્યાયાલયે મનાઈહુકમ આપવાનો ઉદ્દેશ વિલંબ થવાથી માર્યો જશે એવા પોતાના અભિપ્રાય માટેના કારણોની નોંધ કરવી જોઈશે અને અરજદારને

(a) સામા પક્ષકારને, મનાઈહુકમ આપતો હુકમ કર્યા પછી,

(૧) અરજીના સમર્થનમાં ફાઈલ કરેલ સોગંદનામાની નકલ

(૨) દાવા અરજીની નકલ અને

(૩) જેના ઉપર અરજદાર આધાર રાખતો હોય તે દસ્તાવેજોની નકલો.

સામે મનાઈહુકમ માટેની અરજીની એક નકલ તેને તરત આપવી જોઈશે અથવા રજીસ્ટર ટપાલથી મોકલી આપવી જોઈશે, અને

(b) ઉપર જણાવેલી નકલો એવી રીતે આપવામાં કે મોકલવામાં આવી છે એમ જણાવતું સોગંદનામું જે દિવસે મનાઈહુકમ આપવામાં આવ્યો હોય તે દિવસે અથવા તે દિવસની તરત પછીના દિવસે ફાઈલ કરવું જોઈશે.

સી. પી. સી. ઓર્ડર ૩૯ રૂલ ૩એ મનાઈહુકમ માટેના અરજીનો નિકાલ ન્યાયાલયે ત્રીસ દિવસની અંદર કરવો જોઈશે તે બાબતે જોગવાઈ ધરાવે છે.

જેમાં ઠરાવેલ છે કે, સામા પક્ષકારને નોટીસ આપ્યા વિના મનાઈહુકમ આપવામાં આવ્યો હોય, તો ન્યાયાલયે જે દિવસે મનાઈહુકમ આપ્યો હોય તે દિવસથી ત્રીસ દિવસની અંદર અરજીનો આખરી નિકાલ કરવાનો પ્રયત્ન કરવો જોઈશે, અને જો તે તેમ ન કરી શકે, તો તેણે તેમ કરી શકવા માટેના પોતાના કારણો નોંધવા જોઈશે.

વધુમાં સી. પી. સી. ૯૪(c) પુરક કાર્યવાહી બાબતે જોગવાઈ ધરાવે છે. જેમાં ઠરાવેલ છે કે, કામચલાઉ મનાઈહુકમ આપી શકશે અને તેનું પાલન ન કરવામાં આવે તો તેને માટે દોષિત કરેલી વ્યકિતને દીવાની જેલમાં મોકલી શકશે અને તેની મિલકત જપ્ત કરીને વેચવાનો હુકમ કરી શકશે.

૫ ઉકત જોગવાઈઓ સંદર્ભે આ કામે સી. પી. સી. ઓર્ડર ૩૯ રૂલ ૧ જોવામાં આવે તો, કામચલાઉ મનાઈહુકમ દાવાના પક્ષકાર દાવાની કોઈપણ તકરારી મીલકત સબબ મીલકત વેચાતી હોય કે નીકાલ થતી અટકાવવા પોતાને યોગ્ય લાગે તેવો દાવાવાળી મીલકત સબબ કામચલાઉ મનાઈહુકમ મીલકત સબંધે કરશે.

ઉકત જોગવાઈઓ જોતા દાવાના પક્ષકારો વચ્ચેની તકરાર બાબતે અદાલત કામચલાઉ મનાઈહુકમ આપશે તેવી જોગવાઈ છે.

આ કામે એ હકીકત સ્પષ્ટ છે કે, વાદીઓએ પાણકવા ગામની સીમના રે. સ. નં. ૫૧, ૫૬, ૭૪ ની જમીનો જે તે વખતના બારખલીદારો સૈયદ હબીબમીયા હાસમમીયા, સૈયદ હૈદરમીયા હાસમમીયા તથા ફતેહઅલી હાસમમીયા વગેરે પાસે હતી અને તે જમીનોના કુલ પાંચ હીસ્સા પડેલા હતા. વાદીના કથન મુજબ આ બારખલીદારો સૈયદ હબીબમીયા હાસમમીયા, સૈયદ હૈદરમીયા હાસમમીયા તથા ફતેહઅલી હાસમમીયાએ ગણોતહકકે સને ૧૯૪૮ થી અંદાજે એકર ૪૦–૦૦ ગુંઠાનો પ્રત્યક્ષ કબજો લક્ષ્મણ ભોજા આહીર કે જે વાદીઓના વડીલ છે તેઓને આપેલ હતો. વાદીઓન કથન મુજબ સદર કબજામાં પ્રતીવાદી નં. ૩૨ અડચણ અટકાયત કરતા હોય, કબજાના રક્ષણ માટે વાદીઓ તરફથી દાવો કરવામાં આવેલ છે.

વધુમાં આ કામે એ હકીકત જણાય આવે છે કે, તા. ૧૧/૮/૨૦૦૫ના રોજ વચગાળાની મનાઈહુકમની માંગણી કરતી વાદીઓની અરજી નીચે તા. ૨૯/૮/૨૦૦૫ સુધી પ્રતીવાદી નં. ૨ થી ૩૫ વીરૂધ્ધ વાદગ્રસ્ત મીલકતમાં વાદીઓના પ્રત્યક્ષ કબજા–ભોગવટામાં પ્રતીવાદી નં. ૨ થી ૩૫ નાએ અંતરાય, અડચણ, અટકાયત, અવરોધ કે ખેતીકામ કરતા કોઈ ખલેલ કરવી કે કરાવવી નહી તે રીતની યથાવત પરીસ્થિતી જાળવી રાખવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ કરેલ હતો. વધુમાં આ કામે એ હકીકત જણાય આવે છે કે, આંક ૨૦૯ ની અરજી નીચે તા. ૧૬/૬/૧૪ સુધી તા. ૧૧/૮/૨૦૦૫ના રોજ અપાયેલ હુકમ વચગાળાની અરજીનો એટલે કે આંક ૫ નો આખરી નીકાલ ન આવે ત્યાં સુધી લંબાવી આપવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ કરેલ છે. વધુમાં એ હકીકત પણ આ કામે જણાય આવે છેકે, મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા. ૭/૨/૨૦૨૪ના રોજ આંક ૫ નો નીકાલ કરી તા. ૧૧/૮/૨૦૦૫ તથા તા. ૧૬/૬/૧૪ના રોજના હુકમ આધારે

તા. ૭/૨/૨૦૨૫ સુધી દાવાનો આખરી નીર્ણય થાય તે અર્થે પક્ષકારોએ સહકાર આપી વચગાળાનો મનાઈહુકમ લંબાવી આપેલ છે. વધુમાં આ કામે તા. ૭/૨/૨૦૨૫ બાદથી આજની તારીખ સુધી વખતો વખત વાદીઓની અરજી આધારે વચગાળાનો મનાઈહુકમ આગલી તારીખ સુધી લંબાવવામાં આવેલ છે. આમ, દાવાના કામે તા. ૧૧/૮/૨૦૦૫ પ્રતીવાદી નં. ૨ થી ૩૫ વીરૂધ્ધ વાદગ્રસ્ત મીલકતમાં વાદીઓના પ્રત્યક્ષ કબજા–ભોગવટામાં પ્રતીવાદી નં. ૨ થી ૩૫ નાએ અંતરાય, અડચણ , અટકાયત, અવરોધ કે ખેતીકામ કરતા કોઈ ખલેલ કરવી કે કરાવવી નહી તે રીતની યથાવત પરીસ્થિતી જાળવી રાખવાનો હુકમ આજની તારીખ સુધી ચાલી રહેલ છે.

આ કામે વાદીઓ તરફે આંક ૨૫૯ થી તેમની અરજીના સમર્થનમાં માર્ક ૨૫૯/૩ થી ૨૩૯/૫ સુધીની પોલીસ ફરીયાદ સબંધેની અરજીઓ રજુ રાખેલ છે. પરંતુ આ ફરીયાદો આધારે શું કાર્યવાહી થયેલ છે તે પુરાવો લીધા વીના નકકી થઈ શકે તેમ નથી અને તે હકીકતો પુરાવાનો વિષય હોય, સી. પી. સી. ઓર્ડર ૩૯ રૂલ ૨એ (૧) મુજબ અદાલત પાલન ન કરનાર અથવા ભંગ કરનાર વ્યકિતની મિલકત જપ્ત કરવાનો હુકમ કરી શકશે તેમજ એવી વ્યકિતને એટલે કે આ કામના પ્રતીવાદી નં. ૧–૨ ને ત્રણ મહિના કરતા વધુ ન હોય તેટલી મુદત સુધી દીવાની જેલમાં અટકાયતમાં રાખવાપાત્ર જણાતું નથી કે સી. પી. સી. ૯૪(c) પુરક કાર્યવાહી મુજબ કામચલાઉ મનાઈહુકમનું પાલન ન કરવામાં આવેલ હોય દોષિત વાદીને દીવાની જેલમાં મોકલવાનો કે તેની મિલકત જપ્ત કરીને વેચવાનો હુકમ કરવાપાત્ર ન્યાયના હીતમાં આ અરજી મંજુર કરવાનું યોગ્ય અને ન્યાયી જણાતું નથી. જેથી ઉકત ચર્ચાના અંતે હાલની અરજીના કામે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– <u>હુ ક મ</u> –::**

વાદીઓની આંક–૨૫૮ ની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજ રોજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૦૫–૦૩–૨૦૨૫
કેશોદ.

(હિતેશકુમાર ગીરીશભાઈ દામોદ્રા)
જજ કોડ–GJ01005
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
કેશોદ.